ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૩/કવા–૦૩/૧૮–૧૯/3651 - 8 તા. 28-5-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ધુપતાબા ગજુભા જાડેજા,
રહેણાક માલેતા
તાલુકો કલ્યાણપુર
જિલ્લો દેવભુમિ દ્વારકા
મો: 9714191335

વિષય :–ખેતી ની જમીન માં વિજતાર પસાર થવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧5–૧૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૩/કવા–૦૩/૧૮–૧૯)

શ્રીમાન,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામા આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

P.G.V.C.L. Rajkot

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ; રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૩/ક્વા–૦૩/૧૮–૧૯/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૩/ક્વા–૦૩/૧૮–૧૯

અરજદાર: ધૃપતાબા ગજુભા જાડેજા ગામ: રહેણાક માલેતા

રજૂઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – વિભાગીય કચેરી, દ્વારકા

રજૂઆત કરનાર: એન. એચ. વીસણા, નાયબ ઈજનેર, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગર, અને કે.એ.ઓઝા,નાયબ ઈજનેર, કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮-૦૧-૧૯ અને તા. ૦૯-૦૪-૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી - જેમાં અરજદાર હાજર રહેલ ન હતા. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા. ૨૧-૦૫-૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ધૃપતાબા ગજુભા જાડેજા, રહેણાક માલેતા તેઓની અરજી ના નોંધણી નંબર :૬૩/ક્વા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓની જમીનમાં તેઓના શેઢા પાડોશી – ખેડુત અરજદાર શ્રી અજીતસીહ કુંભાણી જાડેજાએ – તેઓની ગેરહાજરીમાં – તેઓની જમીન ની વચ્ચેથી ટ્રાન્સફોર્મર માથી પોતાની જમીન સુધી નવા તાર નાખવા માટે નુ સર્વે કરાવી લીધેલ છે. – તેઓની જમીન વચ્ચે થી તેઓ નવા તાર– સલામતીના કારણોસર બાંધવા દેવા માંગતા ન હોય – આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર કલ્યાણપર તાલુકાના માલેતા ગામ મા ખેતી ની જમીન ધરાવે છે. જે જમીનમાં શેઢા પાડોશી શ્રી અજીતસીહ કુંભાજી જાડેજાએ પોતાના નવા ખેતીવાડી વીજજોડાણ માટે – તેઓની જમીન માથી વીજલાઈન પસાર થાય તે મુજબ નુ સર્વે કરાવેલ. જે લાઈન તેઓને

નડતર રૂપ તેમજ જોખમરૂપ હોય, વીજલાઈન પસાર ન કરવા – રજુઆત કરેલ છે. જે અનુસંધાને – તા.૦૧–૧૨–૧૮ ના રોજ કલ્યાણપર પેટા વિભાગીય કચેરી ના નાયબ ઈજનેર (ખેતીવાડી) દ્વારા – અરજદાર ના પ્રતિનીધી શ્રી દિગુભા ગજુભા જાડેજા ની હાજરીમાં સ્થળ તપાસ કરેલ, તે મુજબ શ્રી અજીતસીહ કુંભાજી જાડેજા ના નવા ખેતીવાડી વીજજોડાણ માટે ઉભી કરવાની વીજલાઈન માટે કોઈપણ પોલ અરજદાર ના ખેતરમાં ઉભા કરવાના થતા નથી, ફક્ત તેઓના હૈયાત ટ્રાન્સફોર્મર માથી ટેપીગ લેવાનુ થાય છે. જેથી, અરજદાર ની રજુઆત માન્ય રાખી શકાય નહી.

૩.૧ ત્યારબાદ, ઉપરોક્ત બાબતના અનુસંધાને અરજદારની અરજીને ધ્યાને લઇ નવું સર્વે કરી અરજદારને નડતરરૂપ ન થાય તે રીતે લાઈન ઉભી કરી આપેલ છે, જે બદલ અરજદારને પીજીવીસીએલ પ્રત્યે કોઈ ફરિયાદ ન હોય આ અંગેની સમાધાન પત્ર તા. ૨૦-૦૫-૧૯ માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦, ૩.૧ અન્વયે અરજદારની સદર ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થતા - અરજદારે સમાધાન પત્ર તા.૨૦–૦૫–૧૯ થી લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જી.બી. પારેખ)
કા.વા.ચેરપર્સન